વંચાણે લીધા : પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૬/૨૦૧૭, તા.૨૩/૧૨/૨૦૧૭

**જાહેરનામા 'રદ્દ' હુકમ**

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧/૨૦૨૧,તા.૨/ ૧/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) થી મળેલ સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતે ટ્રાફિક સરળતાથી ચાલે તે માટેનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે પરના પકવાન ચાર રસ્તા ઉપર કાયમી ધોરણે સવાર કલાક ૦૯:૦૦ થી ૧૧:૦૦ અને સાંજ કલાક ૧૭:૦૦ થી ૨૧:૦૦ સુધી કોઇ પણ વાહન ચાલક જમણીબાજુ વળી શકશે નહી, એટલે કે રાઇટ ટર્ન ઉપર આમુખથી પ્રસિદ્ધ કરેલ જાહેરનામાથી કાયમી ધોરણે પ્રતિબંધ મુકવામાં આવેલ હતો.

હાલમાં પકવાન ચાર રસ્તા ખાતે ફ્લાયઓવર બ્રીજ બની ગયેલ હોવાથી ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે. તેમજ ઉક્ત પકવાન ચાર રસ્તા જંકશન પરના ટ્રાફિકને સિગ્નલ મુજબ ચલાવવામાં આવે તો ટ્રાફિકને લગત કોઇ સમસ્યા સર્જાય તેમ ન હોય જેથી આમુખથી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામું તા. ૩ /૧/૨૦૨૧ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી આથી **'રદ્દ'** કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨/૧/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨/૧/૨૦૨૧
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
    ૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિઘ્ઘ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
    ૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)